# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

**************************************************

1) બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીના અને ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલને દેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલે મૃત્યુદંડની સજા ફરમાવી

2) હૈદરાબાદથી સાઉદી અરેબિયાના ઉમરાહ જતી બસ ડીઝલ ટેન્કર સાથે અથડાતા 42 યાત્રાળુના મોત

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના ફરીદાબાદ ખાતે યોજાયેલી ઉત્તરીય ઝોનલ પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી

4) નબળી ગુણવત્તાવાળા અને અનધિકૃત બીજ વેચાણને રોકવા આગામી અંદાજપત્ર સત્રમાં નવો બીજ કાયદો રજૂ કરાશે - કેન્દ્રીય કૃષિ મંત્રીની જાહેરાત

5) સરકારે પ્રિન્ટ મીડિયામાં જાહેરાતોના દરમાં 26 ટકાનો વધારો જાહેર કર્યો

6) જાપાનમાં ડેફલિમ્પિક્સ 2025માં ભારતે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલમાં ત્રણ ચંદ્રક જીત્યા.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE BANGLA - SHEIKH HASINA

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ-1 એ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અને તેમના ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે મૃત્યુદંડની સજા ફરમાવી છે . અદાલતે આજે ઢાકામાં કડક સુરક્ષા હેઠળ આ ચુકાદો સંભળાવ્યો. 453 પાનાના ચુકાદામાં હસીનાને જુલાઈ-ઓગસ્ટ 2024ના બળવા દરમિયાન વિદ્યાર્થી આંદોલનકારીઓ સામે ઘાતક કાર્યવાહીનો આદેશ આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમને ઉશ્કેરણી, ગુનાહિત ષડયંત્ર અને અત્યાચાર અટકાવવામાં નિષ્ફળતા સહિત અનેક ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યા.

ટ્રાયલ દરમિયાન સરકારી સાક્ષી બનેલા ભૂતપૂર્વ પોલીસ વડા ચૌધરી અબ્દુલ્લા અલ-મામુનને પાંચ વર્ષની જેલની સજા ફરમાવવામાં આવી હતી. 78 વર્ષીય શેખ હસીનાએ ચુકાદાની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે ચુકાદો "લોકશાહી આદેશ વિનાની બિનચૂંટાયેલી સરકાર દ્વારા આપવામાં આવેલ પૂર્વનિર્ધારિત નિષ્કર્ષ હતો."

. . . . . . .

# MEA-BANGLADESH

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભારત, એક નજીકના પાડોશી તરીકે, બાંગ્લાદેશના લોકોના શ્રેષ્ઠ હિત માટે પ્રતિબદ્ધ છે , જેમાં તે દેશમાં શાંતિ , લોકશાહી, સમાવેશ અને સ્થિરતાનો સમાવેશ થાય છે. એક નિવેદનમાં , મંત્રાલયે કહ્યું કે ભારતે બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ દ્વારા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અંગે જાહેર કરાયેલા ચુકાદાની નોંધ લીધી છે. મંત્રાલયે કહ્યું કે , ભારત હંમેશા પાડોશી દેશમાં શાંતિ અને લોકશાહી સુનિશ્ચિત કરવા માટે તમામ હિતધારકો સાથે રચનાત્મક રીતે વાતચીત કરશે.

. . .

# IITF – NAIDU

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ આજે જણાવ્યું , ભારત હવે વિશ્વના ત્રીજા સૌથી મોટા ઉડ્ડયન બજાર તરીકે સ્થાન ધરાવે છે , જે દેશના ઝડપી આર્થિક વિકાસ અને વિસ્તરતા જોડાણને પ્રતિબિંબિત કરે છે. નવી દિલ્હીમાં 44મા ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભારતીય હવાઈમથક સત્તામંડળ પેવેલિયનનું ઉદ્ઘાટન કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું. મીડિયા સાથે વાત કરતા , શ્રી નાયડુએ બાળકોમાં નાગરિક ઉડ્ડયન જ્ઞાન કેળવવા , તકનીકી સમજણ વધારવા અને ભવિષ્ય માટે કુશળ કાર્યબળને પ્રેરણા આપવા પર ભાર મૂક્યો હતો.

(બાઇટ : RAM-MOHAN-NAIDU)

. . . . . . . .

# DUBAI MADINA ACCIDENT

હૈદરાબાદથી ઉમરાહ યાત્રાળુઓને લઈ જતી બસ ડીઝલ ટેન્કર સાથે અથડાઈ હતી, જેમાં ઓછામાં ઓછા 42 લોકોના મોત થયા.

બસ 45 મુસાફરો જેમાં 43 ઉમરાહ યાત્રાળુઓ અને 2 સ્થાનિક સુવિધાકર્તાઓને લઈ જઈ રહી હતી , જ્યારે તે સાઉદી સમય મુજબ રાત્રે 11 વાગ્યે બદર અને મદીના વચ્ચે મુફરાહત નામના સ્થળે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. યાત્રાળુઓએ ઉમરાહ પૂર્ણ કર્યા પછી બસ મક્કાથી રવાના થઈ હતી.

ડીઝલ ટેન્કર સાથે અથડાતાં જ બસમાં આગ લાગી ગઈ. પ્રાપ્ત MAHઈટી અનુસાર મૃતકોમાં 20 મહિલાઓ અને 11 બાળકોનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયામાં ભારતીય રાજદૂત વ્યક્તિગત રીતે આ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# EVE SHAH - NORTHERN ZONAL COUNCIL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હરિયાણાના ફરીદાબાદ ખાતે યોજાયેલી ઉત્તરીય ઝોનલ પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ પરિષદમાં હરિયાણા , હિમાચલ પ્રદેશ , પંજાબ, રાજસ્થાન, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ અને ચંદીગઢ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની , હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુ, જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા , દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના , જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને વરિષ્ઠ અધિકારીઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

બેઠક દરમિયાન, દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન પાળવામાં આવ્યું હતું. બેઠકમાં રાજ્ય સરકારો વચ્ચે સંકલન , પાણીની વહેંચણીના મુદ્દાઓ અને વિકાસ કાર્યો પર ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા 11 વર્ષમાં વિવિધ ઝોનલ પરિષદો અને તેમની કાયમી સમિતિઓની કુલ 63 બેઠકો યોજાઈ છે.

. . . . . . . . . . . . . .

# SHIVRAJ SEED LAW

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જાહેરાત કરી હતી કે નબળી ગુણવત્તાવાળા અને અનધિકૃત બીજ વેચાણને રોકવા માટે આગામી અંદાજ પત્ર સત્રમાં એક નવો બીજ કાયદો રજૂ કરવામાં આવશે. મુંબઈમાં એશિયન સીડ કોંગ્રેસ 2025 ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા , તેમણે કહ્યું કે બાગાયતી પાકો માટે ગુણવત્તાયુક્ત વાવેતર સામગ્રી સુનિશ્ચિત કરવા માટે મહારાષ્ટ્રમાં સ્વચ્છ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

તેમણે બીજ ઉદ્યોગને આબોહવા-સ્થિતિસ્થાપક જાતો અને સસ્તા ઉચ્ચ-ગુણવત્તાવાળા બીજ પર ધ્યાન કેન્દ્રિત કરવા, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં ભાગીદારી વધારવા, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષામાં ક્ષેત્રની ભૂમિકા પર ભાર મૂકવા પણ વિનંતી કરી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# REV. AMIR RASHID-DELHI BLAST

દિલ્હીની અદાલતે આજે લાલ કિલ્લા વિસ્ફોટ કેસના આરોપી અમીર રશીદ અલીને રાષ્ટ્રીય તપાસ એજન્સી- NIAની 10 દિવસની કસ્ટડીમાં મોકલી આપ્યો છે. ઉમર મુહમ્મદ નબી સાથે ષડયંત્ર ઘડવાના આરોપી કાશ્મીરના રહેવાસી અલીને પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ રજૂ કરાયો. અદાલતે NIAની કસ્ટડીમાં પૂછપરછની વિનંતી મંજૂર કરી હતી. NIA એ ગઈકાલે અલીની ધરપકડ કરી હતી, જેના નામે હુમલામાં વપરાયેલી કાર નોંધાયેલી હતી. તેને દિલ્હીમાં વ્યાપક સર્ચ ઓપરેશન દરમિયાન પકડવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . .

# GST REFORMS – BIHAR

22 સપ્ટેમ્બરે અનેક વસ્તુઓ પર વસ્તુ અને સેવા કર ઘટાડવાથી GST બચત ઉત્સવ શરૂ થયો, જેનાથી દેશભરના નાગરિકોને ફાયદો થયો. આજે આગામી પેઢીના GST સુધારાઓ બિહારના અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તે અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(વોઇસ કાસ્ટ : AMAN )

. . . . . . . . . . . . .

# I&B - RATES REVISION

સરકારે પ્રિન્ટ મીડિયામાં જાહેરાતોના દરમાં 26 ટકાનો વધારો જાહેર કર્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બ્લેક એન્ડ વ્હાઇટ જાહેરાતમાં દૈનિકોની એક લાખ નકલો માટે પ્રિન્ટ મીડિયા માટે પ્રતિ ચોરસ સેન્ટીમીટર મીડિયા દર 47 રૂપિયા 40 પૈસાથી વધારીને 59 રૂપિયા 68 પૈસા કરાયા છે. સરકારે પ્રિન્ટ મીડિયામાં સરકારી જાહેરાતોના દરોમાં સુધારો કરવા અંગે ભલામણો કરવા માટે 2021માં 9મી દર માળખા સમિતિની રચના કરી હતી.

મંત્રાલયે ઉમેર્યું હતું કે સરકારે રંગીન જાહેરાતો માટે ઓફર કરવામાં આવનાર પ્રીમિયમ દરો , પ્રેફરન્શિયલ પોઝિશનિંગ સંબંધિત સમિતિની ભલામણો સાથે પણ સંમતિ આપી છે.

. . . . . . . . . . . . .

# DEAFLYMPICS - SHOOTING

જાપાનના ટોક્યોમાં ડેફલિમ્પિક્સ 2025માં ભારતે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલમાં આજે ત્રણ ચંદ્રક જીત્યા. અનુયા પ્રસાદે 241.1 ના વિશ્વ વિક્રમ ડેફલિમ્પિક સ્કોર સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે પ્રાંજલી ધુમલે 236.8 ના સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો.

પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં અભિનવ દેસવાલે ભારત માટે રજત ચંદ્રક જીત્યો, તે 235.2 નો સ્કોર કરીને દક્ષિણ કોરિયાના તાઈ યંગ કિમથી પાછળ રહ્યો, જેણે 238.2 નો સ્કોર કર્યો. ક્રોએશિયાના બોરિસ ગ્રામન્જેક ત્રીજા સ્થાને રહ્યો.

. . . . . . . . . . . . .